વર્તમાનપત્રમાં આપવાની જાહેરાતનો નમૂનો

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

બ્લોક નં.૯/૮મો માળ, સચિવાલય, ગાંધીનગર.

જાહેરાત ક્રમાંક: ૦૧/૨૦૨૫

<u>લીગલ કન્સલ્ટન્ટની કરાર આધારિત ભરતી</u>

| | |
|---|---|
| જગ્યાનું નામ | લીગલ કન્સલ્ટન્ટ |
| કુલ જગ્યા | ૦૧(એક) |
| વયમર્યાદા | ૪૫ વર્ષ |
| પગાર અને ભથ્થા | રૂ.૬૦,૦૦૦/- (અંકે રૂપિયા સાઠ હજાર પૂરા) માસિક ફિક્સ રકમ |
| લાયકાત અને અનુભવ | **1.** ભારતની માન્ય યુનિવર્સિટીના કાયદાના સ્નાતકની ડિગ્રી તથા કાયદાની પ્રેક્ટિસ માટે લાયક હોવા જોઈએ.<br>**2. CCC level**નું કોમ્પ્યુટર કૌશલ્યનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.<br>**3.** ઉમેદવાર બાર કાઉન્સિલ ઑફ ગુજરાતમાં નોંધણી ધરાવતો હોવો જોઈશે.<br>**4.** કોઈપણ અદાલતમાં ૦૭ વર્ષનો એડવોકેટ તરીકે પ્રેક્ટિસનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.<br>**5.** તે પૈકી નામ. હાઈકોર્ટમાં ઓછામાં ઓછી ૦૩ વર્ષની વકીલાતનો અનુભવ અથવા સરકારી વિભાગો/વિભાગીય કચેરીઓમાં સરકાર વતી નામ.સુપ્રીમ કોર્ટ/હાઈકોર્ટ કેસમાં બચાવની કામગીરીમાં ૦૩ વર્ષનો અનુભવ. |

મહિલા અને બાળ વિકાસ વિભાગ(ખુદ), બ્લોક નં.૯, ૮મો માળ,સચિવાલય, ગાંધીનગરની લીગલ કન્સલ્ટન્ટની ૦૧(એક) જગ્યા પર ૧૧ માસના કરાર આધારિત નિમણૂક માટે ઈચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમૂનામાં અરજી મંગાવવામાં આવે છે.

<u>અન્ય વિગતો:</u>

(૧) અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષાની જાણકારી જરૂરી છે.

(૨)અરજીપત્રક સાથે "ઉપસચિવ" મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકારના નામનો રૂ.૧૦૦/-નો નોન-રિફંડેબલ ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવાનો રહેશે.

(૩)સંપૂર્ણ વિગતો સાથે ભરાયેલ અરજીપત્રક જરૂરી પ્રમાણપત્રોની નકલ સાથે જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૫માં મળે તે રીતે ઉપસચિવશ્રી (મહેકમ), મહિલા અને બાળ વિકાસ વિભાગ બ્લોક નં.૯/૮મો માળ, સચિવાલય, ગાંધીનગરના નામે મોકલી આપવાની રહેશે. અધૂરી વિગતવાળી તેમજ નિયત સમયમર્યાદા બાદ મળેલી અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહિં.

(૪)અરજીપત્રકનો નમૂનો, જાહેરાત અંગે વિગતવાર માહિતી તથા લીગલ કન્સલ્ટન્ટની જગ્યાની બોલીઓ/શરતો અને ફરજો/કામગીરીની વિગતો વિભાગની વેબસાઈટ https://wcd.gujarat.gov.in/ ઉપર મૂકવામાં આવેલ છે.

(૫) સંબંધિત ઉમેદવારોને જ્યારે રૂબરૂ મુલાકાત (મૌખિક ઈન્ટરવ્યુ) માટે બોલાવવામાં આવે ત્યારે સ્વખર્ચે જરૂરી તમામ અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.